ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુત્તમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૨૦

## આઈ લવ માય ગાંધીનગર



**ગુલાબચંદ પટેલ**
કવિ, લેખક, અનુવાદક

**ગાંધીનગર ગમે**

સુંદરતા, હરિયાળી, સ્વર્ણિમ પાર્ક, વિદ્વાન સાહિત્યકારો, સુંદર માર્ગો અને એવી ઘણીય બાબતો માટે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

માત્ર સરકારી કર્મચારીઓ જ નહીં, પરંતુ કલાકસબીઓ, સાહિત્યકારો અને સંસ્કૃતિનું જતન કરનારા લોકો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સાહિત્ય અને શિક્ષણની પ્રવૃત્તિઓ ગમે છે.

લૉ કૉલેજ, આઈઆઈટીઈ, પૅટ્રોલિયમ યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, વ્યસનમુક્તિ, આંતરિક વાહનવ્યવહાર અને પ્રવેશદ્વારની સુંદરતા જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

વ્યસનમુક્તિ માટે કાર્યરત છું જ, સ્વચ્છતા અને સાહિત્ય સંવર્ધન માટે મારો સહયોગ આપવા માટે હું તત્પર છું.

# મહાશિવરાત્રી પર્વે શહેરમાં બરફના અમરનાથ છવાયા

## બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રો દ્વારા બરફના અમરનાથ, આધ્યાત્મિક પ્રદર્શની, ધ્યાન-યોગ તથા શિવ ધ્વજારોહણ યોજાયા : આથી બ્રહ્માકુમારીઝની ત્રિદિવસીય ધ્યાન-યોગ શિબિરનો પ્રારંભ

સેક્ટર-૩-ડી





ઊર્જાનગર-રાંદેસણ





વાવોલ





સેક્ટર-૨૮



ગાંધીનગર, તા. ૨૪

સમગ્ર ગાંધીનગરમાં પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સંલગ્ન બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રો દ્વારા મહાશવરાત્રી પર્વની ઉજવણી માટે વિશેષ આયોજન કરવામાં આવ્યા હતા. આ આયોજનમાં બરફના અમરનાથની ઝાંખી, શિવ ધ્વજારોહણ, સમયની પુકાર વિડીયો-શૉ તથા રાજયોગ પ્રદર્શની મુખ્ય હતા. આ સાથે બ્રહ્માકુમારી તથા બ્રહ્મકુમારોએ આ પ્રસંગે ધ્યાન-યોગ કર્યા હતા. આવતીકાલથી દરેક બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા ત્રિદિવસીય ધ્યાન-યોગ શિબિરનો પણ પ્રારંભ થઈ રહ્યો છે. શહેરમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ બર્ફીલા અમરનાથના દર્શન કર્યા હતા.

**● પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સે-૨૮**

સેકટર-૨૮ ખાતે આવેલ બ્રહ્માકુમારીઝના મુખ્ય સેવા કેન્દ્ર ખાતે સવારે ૭.૩૦ કલાકે ઉત્તર ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ, સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણા, નિવૃત્ત એડીજીપી મીરાબેન રામ નિવાસ, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં શિવ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. અહીં મોટી સંખ્યામાં બ્રહ્માકુમારીઝ ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

**● રામેશ્વર મંદિર, સે-૩-ડી**

સેકટર-૩ના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા મહાશિવરાત્રી પર્વ નિમિત્તે રામેશ્વર મંદિરના પ્રાંગણમાં બર્ફીલા અમરનાથના દર્શનની ઝાંખી તૈયાર કરી હતી. આ ઉપરાંત અહીં આત્મખોજ પ્રદર્શન તથા સમયની પુકાર વિડયો શૉનું પણ આયોજન કર્યું હતું. જેનું ઉદઘાટન કેન્દ્રિય કૃષિ ખેડૂત કલ્યાણ તથા પંચાયતી રાજના રાજયકક્ષાના મંત્રી પુરુષોત્તમ રૂપાલાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે ભાજપના શહેર મંત્રી શંકરભાઈ ચૌધરી સહિત વોર્ડના કોર્પોરેટર્સ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બી.કે. સુનિતા સહિત બ્રહ્માકુમારીના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

**● સિધ્ધનાથ મહાદેવ, વાવોલ**

બ્રહ્માકુમારીઝના વાવોલ સેવા કેન્દ્ર દ્વારા સિધ્ધનાથ મહાદેવ ખાતે બરફના અમરનાથની ઝાંખી તૈયાર કરાઈ હતી. આ સાથે અહીં રાજયોગીની પ્રદર્શની તથા યોગ કુટિરનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા તથા વાવોલના ડેપ્યુટી સરપંચ ભાવનાબા ગોલ ઉપસ્થિત રહ્યા હતા. અહીં દર્શનાર્થીઓએ ભારે ભીડ જમાવી હતી તથા ૨૦૦થી વધુ શ્રધ્ધાળુઓએ યોગ કુટિરમાં યોગ-ધ્યાનનો લાભ ઉઠાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈ કાલે વાવોલ બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ખાતે ગામના સરપંચ નગીનભાઈ નાડિયાના હસ્તે શિવ ધ્વજારોહણ યોજાયું હતું. આ પ્રસંગે પરમાત્માના દિવ્ય સંદેશને પ્રસરાવતી રેલી યોજાઈ હતી. જે વાવોલ ગામમાં ફરી હતી. વાવોલ સેવા કેન્દ્રના સંચાલિત બી.કે. હંસાબેન દ્વારા સમગ્ર કાર્યક્રમ માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

**● ઊર્જાનગર-૧, રાંદેસણ**

ન્યુ ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં ઉર્જાનગર-૧ ખાતે પણ મહાશિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી કરાઈ હતી. અહીં ગુડાના ચેરમેન આશિષ દવે, દક્ષિણ ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર બ્રહ્માકુમારીઝના સંચાલિકા રાજયોગિની કૈલાશદીદી તથા ઊર્જાનગર-૧ સેવા કેન્દ્રના સંચાલિકા રંજનબેન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અહીં શિવ ધ્વજારોહણ સાથે બરફના અમરનાથની ઝાંખી શિવ અવતરણ વિડીયો શૉ તથા આધ્યાત્મિક પ્રદર્શન યોજાયા હતા. અહીં આવતીકાલથી ત્રણ દિવસ માટે ત્રિદિવસીય રાજયોગ શિબિરનો પ્રારંભ થશે.

## @ગાંધીનગર

● સે-૩-એ ચેહરધામ ખાતે આયોજીત શિવકથામાં શિવ વિવાહનો પ્રસંગ બપોરે ૨.૩૦ કલાકે તેમજ રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા હોમાત્મક લઘુરૂદ્ર દત્ત મંદિર સે-૨૮ ખાતે સવારે ૮.૩૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● મહાશિવરાત્રીના પગલે વધુ પડતી ભાંગ પી જવાથી તબિયત લથડતા ત્રણ નાગરિકોને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લવાયા હતા. શહેરમાં દરેક શિવાલયોમાં ભાંગનો પ્રસાદ છૂટથી વહેંચાયો હતો.

● ગુજરાત સરકાર દ્વારા હુક્કાબાર પર પ્રતિબંધનું જાહેરનામું હજુ થોડા સમય પૂર્વે જ બહાર પડયું છે. આ જાહેરનામું બહાર પડાયું હોવા છતાં પાટનગર ગાંધીનગરમાં જ કુડાસણ વિસ્તારમાં હજુ પણ બે હુક્કાબાર ધમધમી રહ્યા છે જેમાં શહેરનું યૌવનધન નશાના રવાડે ચઢી ભાવિ ધુમાડાના ગોટે ચઢાવી રહ્યું છે.

● ગાંધીનગર નાગરિક બેંકના ડિરેકટર તથા અગ્રણી નરેન્દ્રભાઈ શાહની અચાનક તબિયત લથડવા પામી છે. તેમને સારવાર અર્થે અમદાવાદ ખાતેની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## ગુર્જર ક્ષત્રિય કડિયા સેવા ટ્રસ્ટનું આજે સ્નેહ સંમેલન

ગાંધીનગર, તા. ૨૪

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સેવા ટ્રસ્ટ ગાંધીનગર સમાજનું વાર્ષિક સ્નેહ સંમેલન તા. ૨૫મી ફેબ્રુઆરીએ સાંજે ૬.૦૦ કલાકે સે-૧૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલમાં યોજવામાં આવશે. જેમાં વિવિધ કાર્યક્રમો જેવા કે વડીલોનું સન્માન, શૈક્ષણિક તેમજ રમતગમત ક્ષેત્રે સફળતા માટે ઈનામોનું વિતરણ વગેરેનું આયોજન કરાયું છે. હાલના પ્રમુખશ્રીનું અવસાન થતાં તેમની જગ્યાએ નવા પ્રમુખની વરણી કરવામાં આવશે. સંમેલન માટેના નિમંત્રણ પત્રકો સર્વે સભ્યોને મોકલેલ છે. તો સમાજના દરેક સભ્યોને આ સંમેલનમાં સહકુટુંબ ઉપસ્થિત રહેવા સમાજના અગ્રણી નટુભાઈ સોલંકી (ગણવેશવાળા)એ અનુરોધ કર્યો છે.

## એસ.પી. ઓફિસની સામેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨૪

પેથાપુર ખાતે વાઘેશ્વરી પાર્કમાં રહેતા જીતેન્દ્રસિંહ યશવંતસિંહ વાઘેલા ગાંધીનગર એસ.પી. ઓફીસની સામે આદિવાડા ખાતે પોતાનું બાઈક લઈને ગયો હતો. ૨૦ ફેબ્રુઆરીએ પોતાનું જીજે ૧૦ સીજે ૪૪૬૫ નંબરનું બાઈક આદિવાડા સામે રાત્રે આઠ વાગ્યે પાર્ક કર્યું હતું. અડધા કલાકમાં કામ પતાવીને પરત આવ્યો ત્યાં સુધીમાં ૭૦ હજારની કિંમતનુ બાઈક ગાયબ થઈ ગયું હતું. શોધખોળ કરવા છતા બાઈક ન મળતા આખરે બાઈક ચોરી અંગે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

## પેરોલ જમ્પ બળાત્કારનો આરોપી પ્રેસ સર્કલથી પકડાયો

રખિયાલ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૩માં બળાત્કારના નોંધાયેલા ગુનામાં પકડાયેલો આરોપી સેન્ટ્રલ જેલમાંથી પેરોલ રજા લઈને નીકળ્યો હતો. ત્યારબાદ સમય પૂર્ણ થવા છતાં હાજર થયો ન હતો. પેરોલ જમ્પ કરનાર બળાત્કારનો આરોપી ગાંધીનગર પ્રેસ સર્કલ પાસે ફરી રહ્યો હોવાની બાતમી મળતા ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે આજે તેને પકડી લઈ સાબરમતી જેલ હવાલે કરી દેવામાં આવ્યો છે.

દહેગામના ભાદરોડા ગામમાં રહેતા ચેતનસિંહ અનુપસિંહ ઠાકોર નામના શખ્સ સામે વર્ષ ૨૦૧૩માં જિલ્લાના રખિયાલ પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં થયેલી ધરપકડ બાદ સેન્ટ્રલ જેલ હવાલે હતો. ચેતનસિંહે જેલમાંથી ૬ જાન્યુઆરીએ પેરોલ રજા લીધી હતી અને ૨૧ જાન્યુઆરીએ તેને હાજર થવાનું હતું. સમય અવધી સમાપ્ત થવા છતાં તે જેલમાં હાજર થયો ન હતો. પેરોલ જમ્પ કરનાર બળાત્કારનો આરોપી ચેતનસિંહ ઠાકોર આજે ગાંધીનગર ખાતે પ્રેસ સર્કલ પસેથી પસાર થઈ રહ્યો હોવાની માહિતી મળતા એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે તેને પકડી પાડીને સેન્ટ્રલ જેલ હવાલે કર્યો છે.

## રોલબૉલ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળકયા



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતેની સ્કૂલ ઓફ એચિવરમાં રોલબૉલ રમતની ઈન્વિટેશન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધા બૉયઝ અને ગર્લ્સ બંને વિભાગમાં અન્ડર-૧૧ તથા અન્ડર-૧૪ કેટેગરીમાં રમાઈ હતી. બીઆરબી ટીમ ગર્લ્સ વિભાગમાં બંને કેટેગરીમાં પ્રથમ સ્થાને તથા બૉયઝ વિભાગમાં દ્વિતિય સ્થાને રહી હતી.

રોલબૉલ ઈન્વિટેશન સ્પર્ધામાં ગર્લ્સ વિભાગમાં અન્ડર-૧૧ ટીમમાં જીયા પટેલ, હિતમ પ્રજાપતિ, જૈની પટેલ, વાની શાહ, કેયા પટેલ તથા નિત્યા પટેલ જયારે અન્ડર-૧૪ ટીમમાં હનીશા બથેજા, ઝીલ કાકડીયા, દેવાંશી પટેલ, હેલી શાહ, દિયા ગઢવી તથા ચાર્મી ચૌહાનનો સમાવેશ થાય છે. બૉયઝ વિભાગમાં અન્ડર-૧૧ ટીમમાં કવન રાવલ, અભિજિતસિંહ દેવદા, હેત પટેલ, યુવરાજ સોની તથા પ્રાંશુ ધર્માની અને અન્ડર-૧૪ ટીમમાં પ્રેમ પટેલ, દેવાંશ રાવલ, વિનીત કંજારીયા, શુભ પટેલ, પ્રાંશુ પટેલ તથા પ્રિયમ જોશીપુરાનો સમાવેશ થાય છે. તમામ ખેલાડીઓને કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવ્યા હતા.

## સોડાવાળા મહેન્દ્રકાકાનું શહેર વસાહત મહામંડળ દ્વારા સન્માન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના ઘ-૨ વિસ્તારમાં છેલ્લા આઠ વર્ષથી સોડાની લારી ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા મહેન્દ્રભાઈ જયસ્વાલ ઉર્ફે મહેન્દ્રકાકાના હુલામણા નામથી ગ્રાહકોમાં પરિચીત છે. મહેન્દ્રકાકા વિરમગામના વતની છે અને ગાંધીનગર શહેરને કર્મભુમી બનાવી છે. સોડાની લારી ચલાવીને માંડ કમાતા મહેન્દ્રકાકા સેવા કાર્યમાં અગ્રેસર છે. પોતાની લારીની કમાણીમાંથી વર્ષમાં બે વાર દેવ-દિવાળી એ સોડા અને શિવરાત્રીમાં ઉપવાસને ધ્યાને રાખીને તમામ નાગરીકોને મીનરલ વોટરમાંથી તૈયાર કરેલ લીંબુ શરબત નિઃશુલ્ક પીવડાવે છે. છેલ્લા ઘણા



વર્ષોથી તેમના આ સેવાકાર્યની નોંધ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા લેવાઈ છે. આજે સવારના સુમારે વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ દ્વારા મહેન્દ્રકાકાનું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું અને તેમની પ્રસંશનીય કામગીરીને વખાણી હતી. તેમજ દરેક નાગરીકે પોતાનાથી બનતી સેવા કરવી જોઈએ તેવું પણ કહ્યું હતું. જયારે સેકટર-૪ના યુવાને પણ શાલ ઓઢાડીને મહેન્દ્રકાકાનું સન્માન કર્યું હતું. શહેરના અન્ય મહાનુભાવો અને સેવાકીય સંસ્થાના ભાનુકાન્ત પરમાર (ડેમોક્રેટીક પીપલ્સ), સીતારામભાઈ પટેલ (કાનુની શિબિર પ્રાયોજક), બી.એ. શુકલ (પૂર્વ કલેકટર), રમણલાલા શ્રીમાળી (સાહિત્ય સભા), મયુરભાઈ વ્યાસ મહામંડળના મંત્રી, જયોતિન્દ્રભાઈ (જાગૃત નાગરીક પરિષદ) અને વીરચંદભાઈ પરમારને હાર પહેરાવી મહેન્દ્રાકાકાએ સન્માન કર્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાનુભાઈ ભટ્ટે કર્યું હતું. સવારથી સાંજ સુધી મીનરલ વોટરમાં તૈયાર થયેલા ૫૦૦૦ ગ્લાસ લીંબુ શરબતનું વિતરણ કરાયું હતું. જયારે શહેરના પસાર થતા નાગરીકો પણ અનોખું સેવાકાર્ય જોઈ ખુશ થયા હતા.

## 'ત્રિદલ' મુખપત્રનો વિમોચન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા 'ત્રિદલ'ના ઉપક્રમે તા. ૨૬મી ફેબ્રુઆરીને સાંજે પાંચ વાગે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે સે-૨૧માં સંસ્થાના મુખપત્ર 'ત્રિદલ'નું વિમોચન ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ અને વરિષ્ઠ પત્રકાર ભરતભાઈ કવિ 'ઉર્મિલ'ના હસ્તે થશે. સર્જકો પોતાની સ્વ રચિત કૃતિનું વાંચન કરશે. ત્રિદલના સભ્યો, શુભેચ્છકો, સર્જકો અને રસ ધરાવનાર સૌને હાજર રહેવા ભાનુપ્રસાદ પુરાણીએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

## સુરીશ્વરજી મહારાજ સાહેબ દ્વારા રૂપાણીના લોક કલ્યાણના જુદા જુદા કામોની પ્રશંસા

અમદાવાદ, તા. ૨૪

પ.પૂ. યુગભૂષણ સુરીશ્વરજી મહારાજ સાહેબે આર્શીવચન પાઠવતા વિશ્વ કલ્યાણની શ્રેષ્ઠ ભાવના માટે જિન શાસને ચીંધેલો માર્ગે સમગ્ર વિશ્વમાં વહેતો થયો છે તેવી લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ દ્વારા ભારત વિશ્વમાં પોતાનો પ્રભાવ પાડી રહ્યું છે.

સંસ્કારિતા અને ધાર્મિક કલ્યાણનો ગુજરાતનો વારસો સમગ્ર વિશ્વને પ્રેરણા આપે છે. મહારાજ સાહેબે મુખ્યમંત્રી વિજય રૂપાણીના લોક કલ્યાણના કામોને બિરદાવતા જણાવ્યું હતું કે સુશાનનો કલ્યાણ માર્ગ જ પ્રજાને ગરીબી અને શોષણમાંથી મુક્તિ અપાવશે.

# બચ્ચા લક્ષ્મી પ્રસન્ન હોગી, તુઝપે ધન બરસેગા..!!

## પ્રેતની છાયા-શનિ ભારી વગેરે કહી ધૂતવા આવેલા બે સાધુબાવાઓને શહેરના બે યુવા વેપારીઓએ 'નોટબંધી'ના ઉપયોગથી શિર્ષાસન કરાવ્યું

ગાંધીનગર, તા. ૨૪

'અલખ નિરંજન..!! બચ્ચા સાધુ કો જલપાન કરાઓગે?' આવુ કહેતા ગળામાં અસંખ્ય માળાઓ, હાથમાં કમંડળ અને ભગવા વસ્ત્ર ધારી બે સાધુ બાવાઓએ કુડાસણ ખાતેની એક ખાનગી પેઢીની ઓફિસમાં 'એન્ટ્રી' મારી. આ ઓફિસમાં હાજર પેઢીના બંને ભાગીદાર માલિકો અમિત અને જિમિતે બંને સાધુબાવાઓને આવકાર આપી પીવા પાણી આપ્યું. પાણી પીતા પીતા એક બાવાએ ધડાકો કર્યો 'બચ્ચા તુમ્હારી ઓફિસ મેં પ્રેત કા વાસ હૈ, પૂજા કરવાની પડેગી તભી લક્ષ્મી આયેગી.'

આ સત્યઘટના બે દિવસ પહેલાની છે. જેમાં બે સાધુબાવાઓએ યુવાન વપારીઓને ઠગવા પ્રયાસ કર્યો પરંતુ બંને ચકોર યુવાનો આ ધુતારાઓ માટે 'શેરના માથે સવા શેર' સાબિત થયા હતા. 'પ્રેત કા વાસ હૈ, શનિ ભારી હૈ' આવી વાતો કરીને બંને સાધુબાવાઓએ પૂજા દ્વારા વિઘ્ન દૂર કરવાનો ઉપાય સૂચવ્યો એટલે અમિતે પુછયું, 'બાબા પૂજા કરવાયેંગે તો ફીર લક્ષ્મી કબ આયેગી?' તો બાવા કહ્યું, 'બચ્ચા સિર્ફ ચાર પાંચ મહિને મેં તુઝે લક્ષ્મી પ્રાપ્ત હોગી.' તો જિમિતે પુછયું 'પૂજા કરવાને કયા કરના હોગા?' બાવા તો તૈયાર જ હતા. 'બચ્ચા અભી કર દેતે હૈ તુમ્હારા કલ્યાણ' કહીને લાલ કપડું કાઢી તેને પાથરી પૂજા કરવા બેસી ગયો. અગરબત્તી-ધૂપ, પાણીનો છંટકાવ, મંત્રોચ્ચાર વગેરે ચાલુ કર્યા અને વેપારીને રૂ. ૨૦૧ મુકવા કહ્યું, પેલા વેપારીઓએ રૂ. ૨૦૧ મુકયાં પછી આશરે ૧૫-૨૦ મિનિટ પૂજા વિધિનું ત્રાટક ચાલ્યું. છેલ્લે બાવાઓએ કહ્યું 'બચ્ચાં પૂજા સંપન્ન હુઈ, અબ કોઈ પરેશાની નહી રહી, લક્ષ્મીજી પ્રસન્ન હો ગઈ, અબ તુમ પર ધન બરસેગા.' પેલા બંને યુવા વેપારીઓ ખુશ થઈ ગયા પછી બાવા બોલ્યાં 'બચ્ચા લાઓ હમારી દક્ષિણા' તો બંને ચોંક્યા અને કહ્યું, 'બાબા દિયા તો સહી રૂ. ૨૦૧' તો બાવા કહે 'અરે, પૂજા કી દક્ષિણા અલગ દેની પડેગી, વોભી પૂરે રૂ. ૭૨૦૦'. આ સાંભળી અમિત-જિમિત બંને સમજી ગયા કે બાવા ધૂતવાની વાત કરે છે. બંનેએ અંદરો અંદર વાત કરી બાવાને રૂ. ૭૨૦૦નો ચેક લખી આપ્યો તો બાવા કહે, 'અરે, દક્ષિણા કેશ મેં દો.' પેલા બંનેએ કહ્યું, 'બાબા, નોટબંધી કે બાદ કેશ તો છે જ નહી, હવે બધા વ્યવહાર ચેકમાં થાય છે.' ભાગતા ભૂતની ચોટની જેમ બાબાએ ચેક સ્વીકારીને ચાલતી પકડી. પરંતુ આશરે બે એક કલાક પછી બેંકનો ધક્કો ખાઈ બંને બાવા પરત આવ્યા અને ફરિયાદ કરી 'અરે બચ્ચા યે ચેક પે તો છહ મહિને બાદ કી તારીખ ડાલી હૈ.' જવાબમાં પેલા બંને વેપારીઓ મંદ મંદ મુસ્કુરાતા બોલ્યાં 'બાવા વો તો ઐસા હી હોગાના, જબ હમેં ચાર માસ મેં લક્ષ્મી પ્રાપ્ત હોગી, તભી તો દક્ષિણા મિલેગી ના?' પેલા સાધુબાવાઓને ખબર પડી ગઈ કે આ યુવાન વેપારીઓ આપણી ચાલમાં ફસાય તેવા નથી એટલે તુરંત ત્યાંથી ચાલતી પકડી અને બોલ્યા, 'શનિ ઈસકા કુછ નહીં બિગાડ શકતા'.

(સત્ય ઘટના છે પરંતુ વેપારીઓના નામ બદલ્યા છે.)

## બજરંગ દળ દ્વારા ત્રિશુળ દિક્ષાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના યુવા ભાઈઓ માટે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ત્રિશુળ દિક્ષાનો કાર્યક્રમ આગામી તા. ૫-૩-૨૦૧૭ના રોજ સે-૭ ભારતમાતા મંદિર ખાતે બપોલે ૨ થી ૫ કલાક દરમિયાન રાખેલ છે. તો જે યુવા ભાઈઓને બજરંગદળમાં જોડાઈ ત્રિશુળ લેવાનું હોય તેમણે તા. ૨૬-૨-૨૦૧૭ના રોજ રવિવારે સવારે ૧૨ થી સાંજના ૭ વાગ્યા સુધી ભરતી અભિયાન ચાલુ હોઈ નામ નોંધાવી જવા વીએચપી અને બજરંગદળના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. જગાજી શનાજી ઠાકોર, ઉ.વ. ૩૨
- સ્વ. ચંદુજી વસાજી સોલંકી, ઉ.વ. ૬૨
- સ્વ. ચંદુજી શિવાજી ઠાકોર, ઉ.વ. ૭૫